વડીલોને વંદન અભિનંદન

કુસુમબેન જનાર્દન જોશી
(૧૯૩૬)ફોન: ૨૩૨૬૦૫૫૬

સેકટર-૧૪ માં જય અંબે મંદિરનો છઠ્ઠો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

જય અંબે મંદિર સેક્ટર-૧૪ ગાંધીનગર દ્વારા છઠ્ઠો પાટોત્સવ નિમિત્તે આયોજન વૈશાખ સુદ પૂનમ તા. ૨૫મી મેના રોજ યોજેલ છે. છઠ્ઠો પાટોત્સવ નિમિત્તે શ્રી જય અંબે મંદિર ખાતે ધાર્મિક પ્રસંગોમા ધજા આરોહણ, મહાયજ્ઞ આરતી તેમજ રાત્રી દરમિયાન બહુચર માતાજીનો આનંદના ગરબાનુંઆયોજન કરવામાં આવેલ છે. ૨૫મીએ યજ્ઞના આચાર્યશ્રી કરૂણાશંકર એ નાગર ધજાઆરોહણ, મહાયત્ર પ્રારંભ, શ્રીફળ હોમવા, પુર્ણાહૂતિ, આરતી, સુખડીનો પ્રસાદ બપોરે યોજાશે.

ધજા આરોહવા, યજમાન એલ.એન. પરમાર વાઈસ ચેરમેન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ (અનુ.જાતિ.) મહાયજ્ઞના યજમાન જય અંબે પરિવાર સેકટર-૧૪ શ્રી જયઅંબે મંદિર ગાંધીનગર છે.

આનંદના ગરબાના આયોજક શ્રીમતી પુષ્પાબેન રમેશભાઇ પરમાર છે. બહુચર માતાજીના આનંદના ગરબાના યજમાન શ્રીમતી પુષ્પાબેન બીપીનચંદ્ર સોલંકી, બિપીનચંદ્ર ભુદરભાઇ છે.

ગેસબીલમાં પારદર્શકતા ન જળવાતા સેક્ટર-૧૬ના રહીશોને આર્થિક ફટકો

બીલમાં વપરાશ કરતા વધુ યુનિટ દર્શાવાય છે જવાબદાર તંત્ર પણ રજૂઆત સાંભળતુ નથી

ગાંધીનગર, તા. ૨૩

સે. ૧૬ના સરકારી આવાસમાં રહેતા વસાહતીઓને તોતિંગ ગેસ બીલ ચુકવવુ પડતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. વપરાશ સામે ગેસ બીલમાં યુનિટ વધુ દર્શાવતા રહીશોએ બીલ પેટે વધારે રકમ ભરપાઈ કરવી પડે છે. આ અંગે સ્થાનિક રહીશોએ જિલ્લા ગ્રાહક સુરક્ષા અધિકારીને પણ રજૂઆત કરી છે.

સે. ૧૬માં ચ અને છ કેટેગરીના આવાસમાં જી.એસ.પી.સી. દ્વારા ગેસ લાઈનનું જોડાણ આપવામાં આવ્યું છે. પરંતુ સ્થાનિક રહીશો માટે ગેસનું જોડાણ આર્થિક લપડાક સમાન પુરવાર થયું છે. છેલ્લા કેટલાક મહિનાઓથી આ વિસ્તારમાં ગેસ લાઈનનું જોડાણ ધરાવતા રહીશો આકરી મોંઘવારીમાં ત્રાહિમામ પોકારી ગયા છે. વસાહતીઓની ફરિયાદ મુજબ ગેસબીલમાં પારદર્શકતા જળવાતી નથી. ગેસના બિલમાં યુનિટના મૂળ વપરાશ કરતા વધુ બીલ આપવામાં આવે છે. અવારનવાર ગેસ બીલમાં યુનિટ આકસ્મિક રીતે વધારે દર્શાવાતા બીલની રકમ પણ વધી જાય છે. આ મામલે સે. ૧૧ સ્થિત જી.એસ.પી.સી.ની કચેરીએ રજૂઆત કરવા છતાં કોઈ વાત સાંભળવા તૈયાર નથી. સરકારી વસાહતીના રહીશો માટે ગેસ લાઈનનું જોડાણ મોંઘુ પુરવાર થતા વસાહતીઓ પણ મુંઝવણમાં મુકાયા છે. આવા સંજોગોમાં ગેસ બીલના મામલે પારદર્શકતા જળવાય તે માટે યોગ્ય તપાસ હાથ ધરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. સ્થાનિક વસાહતીઓએ આ અંગે જિલ્લા ગ્રાહક સુરક્ષા અધિકારીને પણ રજૂઆત કરી છે. મીટરની પણ યોગ્ય ચકાસણી કરવા જણાવાયું છે.

હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ - ગાંધીનગર સેક્ટર-૫ ખાતે આવેલા સુપ્રસિદ્ધ પંચમુખી મહાદેવ મંદિર ખાતે યોજાયેલ પાટોત્સવ નિમિત્તે હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગોસ્વામી સમાજના વિદ્યાર્થીઓએને રાહતદરે નોટ ચોપડા વિતરણ થશે

ગાંધીનગર, તા. ૨૩

શ્રી ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજના વિદ્યાર્થીઓને સમાજ તરફથી રાહતદરે નોટબુક-ચોપડાઓનું વિતરણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ થી સેક્ટર-૧૪ વસતા વિદ્યાર્થીઓએ મંત્રી નરેશપુરી ગોસ્વામી પ્લોટ નં. ૨૧૭/૨, સેક્ટર-૬, ગાંધીનગર તથા સેક્ટર-૧૫ થી સેક્ટર-૩૦માં વસતા વિદ્યાર્થીઓએ સહમંત્રી હિતેશભારથી ગોસ્વામી, બ્લોક નં. ૩૩/૧, સેક્ટર-૨૮ ખાતેથી તેમનો મો. નં. ૯૮૨૪૪૨૫૮૧૬ પર સંપર્ક કરી ચોપડા મેળવી લેવાના રહેશે. તેમ ગાંધીનગર ગોસ્વામી સમાજના પ્રમુખ સંજયગીરી ગોસ્વામીએ જણાવ્યું છે.

ચિલોડા મોટા પાસે અક્ષર કોમ્પલેક્ષમાં પાર્ક કરેલી

કારમાંથી કાચ તોડી પાસપોર્ટના અસલ પુરાવા સાથેની ભરેલી બેગની ઉઠાંતરી

ચિલોડા, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના શિવપુરાકંપાના રહેવાસી નટુભાઈ મુળજીભાઈ પટેલ ગઈકાલે સાંજે ચિલોડા ખાતે ચિલોડા પોલીસસ્ટેશનમાં પાસપોર્ટની ઈન્કવાયરી માટે અગત્યના જરૂરી ઓરિજનલ ડોક્યુમેન્ટના કાગળીયાની બેગ સાથે પોતાની કારમાં આવ્યા હતા. ત્યાર બાદ તેઓ ચિલોડા સર્લ પાસેના ગાંધીનગર જવાના માર્ગ પરના અક્ષર કોમ્પલેક્ષમાં અન્ય કામ અર્થે પોતાની કાર પાર્ક કરી ગયા હતા ત્યારે તેમની ફોર્ડ ફિગો કારનો કાચ કાપી તસ્કરો પાસપોર્ટના તમામ અગત્યના કાગળો ભરેલી બેગની ચોરી કરી ભાગી ગયા હતા.

આ અંગે બેગના માલિક શ્રી નટુભાઈ પટેલે જણાવ્યું હતું કે, ચિલોડા પોલીસ સ્ટેશન પાસે પાસપોર્ટની ઈન્કવાયરી માટે બેગમાં મહત્વના ઓરિજનલ કાગળોમાં બેંકની પાસબુક, રેશનીંગકાર્ડ, ચૂંટણીકાર્ડ, ચેકબુકો તથા અન્ય મહત્વના કાગળો સાથેની બેગ લઈને સફેદ કલરની કાર ફોર્ડ ફિગો નં. જીજે-૧૮-એ.એમ.૧૭૯૨ સાથે આવ્યા હતા. ત્યારબાદ તેઓ તેમની કાર લઈને ચિલોડા સર્કલના ત્રિભેટે આવેલ અક્ષર કોમ્પલેક્ષમાં પાર્ક કરીને પ્રથમ માળે ગયા હતા. ત્યારે પરત આવતાં કારના પાછળની સીટનો કાચ ગયું હતું. આમ ચિલોડા વિસ્તારમાં બે દિવસ અગાઉ એક હોટલની સામેથી કારનો કાચ તોડી માતબર રકમની ચીલઝડપ થઈ હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત ડભોડા પોલીસ સ્ટેશનની હદમાં રણાસણ સર્કલ પાસે સૂર્યા હોટલ પેલેસમાં લગ્નના રીસેપ્શનમાં આવેલા અમદાવાદ શાહીબાગ હેડક્વાર્ટરના કોન્સ્ટેબલ સુરેશભાઈ ચૌધરીની વેગનઆર કાર નં. જીજે-૫-સી.જી.-૩૦૮૪ હોટલની બહાર રોડ પર પાર્ક કરી હતી. ત્યારે આ કારના ડ્રાઈવરની પાછળની સીટનો કાચ તોડી સીટમાં થેલીમાં તેમની પત્નીના સોનાના દાગીના મુક્યા હતા ત્યારે તસ્કરો ચોરી ગયા હતા. આ અંગે ડભોડા પોલીસ સ્ટેશનમાં સુરેશભાઈની ફરીયાદને આધારે પોલીસે ૨૩ હજારની ચોરી અંગેનો ગુનો નોંધી વધુ તપાસ સિનિયર પી.એસ.આઈ. એસ.બી. વાઘેલાએ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ચિલોડા-ડભોડા પોલીસ સ્ટેશનની હદમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં મોખરાનું સ્થાન ધરાવતા મથકોથી એક સપ્તાહમાં કારના કાચ સિસ્ટમથી કાપી સિફતપૂર્વક કિંમતી વસ્તુ કે રોકડની ચોરી કરવાની રીત-રસમ સફળ નીવડતાં તસ્કરોનો પગપેસારો માટે મોકલઉ મેદાન જણાઈ રહ્યું છે. આમ ચિલોડા વિસ્તારમાં કોમ્પલેક્ષોમાં કાર પાર્કિંગનો પ્રશ્ન સલામત રહ્યો નથી. કારમાંથી ચોરી કરવા કોઈ ગેંગ સક્રિય હોય તેવી શકયતા દેખાઈ રહી છે. આમ કારચાલકોએ પોતાની કારમાં કોઈ કિંમતી વસ્તુ કે રોકડ મુકતાં પહેલા ખૂબ સાવધાની રાખવી અનિવાર્ય બન્યું છે.

આજે સંદલ શરીફ અને કાલ ઉર્સ મુબારક મનાવાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર આદિવાડા હઝરત બાલન શહીદ દરગાહ તથા વાવોલ હઝરત મહમદશા દરગાહ અને પ્રાંતિયા હઝરત બાલાપીરની દરગાહે સંદલ શરીફ અને ઉર્સ મુબારક મનાવવામાં આવશે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી આદિવાડા પાસે આવેલ હઝરત બાલન શહીદ દરગાહનું સંદલ શરીફ આજે ૨૪મી મેને શુક્રવારે મગરેબની નમાઝ બાદ રાત્રે ૮ કલાકે શાનો સોકતથી કરવામાં આવશે. ઉર્સ મુબારક ૨૫મીએ મનાવવામાં આવશે એમ આબિદભાઈ મેમણ દરગાહના ખિદમતગાર રફીક બાપુએ જણાવ્યું છે. વાવોલ ખાતે હઝરત મહમદશા દરગાહનું સંદલ શરીફ ૨૪મીએ ઈશની નમાઝ બાદ રાત્રે ૧૦ કલાકે કરવામાં આવશે. ઉર્સ મુબારક ૨૫મીએ જોહરની નમાઝ બાદ ગાદી શરીફ નિશાન સાથે દરગાહ ઉપર પહોંચશે તેમ મહેબુબભાઈ શેખે જણાવ્યું છે તથા પ્રાંતિયા ગામે આવેલ હઝરત બાલાપીરની દરગાહનું સંદલ શરીફ અને ઉર્સ મુબારક શાનો સોકતથી મનાવવામાં આવશે. સંદલ શરીફ ૨૪મીએ અને ઉર્સ મુબારક ૨૫મીએ મનાવવામાં આવશે એમ ખિદમતગાર દીવાનબાપુએ ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

માત્ર ૧૫ દિનની બાળકીને હોસ્પિટલમાં મુકીને ફરાર

અમદાવાદ તા. ૨૩

અમદાવાદની એલ.જી હોસ્પીટલમાં એક આધેડ વયનો પુરુષ ત્યાં જઈને એક નર્સના હાથમાં ૧૫ વર્ષની બાળકીને સોપીને કહ્યું કે બાળકીને જરા કપડું સરખું કરી આપો. એટલું કહીને પુરુષ નર્સની નજર ચુકવીને પલાયન થઈગયો હતો.

આ બનાવથી સમગ્ર હોસ્પીટલ તંત્ર દોડતું થઈ ગયું હતું.તેમજ આ ઘટનાની ફરિયાદ હોસ્પિટલના સત્તાધીસોએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવતા મણીનગર પોલીસ એ વધારે તપાસ હાથધરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર તા- ૨૨-૫-૧ ઉના રોજ સાંજના સમયે ૫-૩૦ વાગ્યાના સુમારે એલ.જી.હોસ્પિટલ મેટરનીટી વોર્ડમાં ૪૦ થી ૫૦ વર્ષના આશરાનો પુરુષ ૧૫ દિવસની બાળકીને લઈને હોસ્પિટલ ખાતે આવ્યો હતો. ત્યારબાદ મેટરનિટી વોર્ડમાં ઘુસીને એક નર્સને બાળકીને કપડું બદલી આપવાની વિનંતી કરી હતી. નર્સે બાળકીને હાથમાં લઈને કપડું બદલી આપ્યું હતું. પરંતુ નર્સ બાળકીને કપડું બદલી આપે એટલામાં તો પેલો પુરુષ છુંમંતર થઈગયો હતો. નર્સે એ પુરુષની તપાસ કરી હતી. પરંતુ પુરુષ ના મળતા નર્સે હોસ્પિટલના સત્તાધીષોને જાણ કરી હતી. તેમજ હાલ બાળકીને એલ.જી હોસ્પિટલના બાળકોના વોર્ડમાં દાખલ કરવામાં આવી છે. તેમજ બાળકીની હાલત પણ સુરક્ષીત છે. હોસ્પિટલનાં સત્તાધીસો એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે.

બાળકીને હોસ્પીટલમાં ત્યજનાર પુરુષ કોણ હતો તેની વધારે તપાસ પોલીસ એ આદરી છે. સમગ્ર મામલાને લઈને આજે ભારે ચર્ચા શહેરમાં જોવા મળી હતી.

આવતીકાલે સંત ભોજા ભગતની જન્મ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૩

શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા મહાન સદ્‌ગુરૂ શ્રી ભોજલરામ બાપાની ૨૨૮મી જન્મ જયંતિ નિમિત્તે આવતીકાલે તા. ૨૫મી મે. ૨૦૧૩ના રોજ શોભાયાત્રા ગાયત્રી યજ્ઞ અને મેડિકલ કેમ્પ યોજાશે.

શ્રી ભોજલરામ બાપાની ૨૨૮મી જન્મ જયંતિ નિમિત્તે ભાજપા પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ અને અમદાવાદ પૂર્વ મંત્રી ધીરૂભાઈ દૂધવાળા, શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સેક્ટર-૭-સી, ગાંધીનગરથી શોભાયાત્રા પ્રસ્થાન કરાવશે. શોભાયાત્રા સવારે૯થી ૧૧.૩૦ કલાકે તથા ગાયત્રી યજ્ઞ સવારે ૯ થી ૧૧ કલાકે અને મેડિકલ કેમ્પ અપોલો હોસ્પિટલ દ્વારા બી.પી., બ્લડ સુગર, કેલ્સીયમ ચેકઅપ યોજાશે. શોભાયાત્રા સેક્ટર-૭ થી પ્રસ્થાન કરી સેક્ટર-૨, સે. ૧, સે. ૨૨, સે. ૨૯, સે. ૨૮, સે. ૨૩, સે. ૧૨ કડવા પટેલ સમાજ, ઉમિયામાતાજી મંદિર અને બલરામ પરિસર થઈ સમાજ ભવન સંતશ્રી ભોજલરામ મંદિરે પરત ફરશે.

કોંગ્રેસના ધારાસભ્યોને પેટા ચૂંટણી માટે જિલ્લાની જવાબદારી સોંપવામાં આવી

પેટાચૂંટણીઓનો જંગ જીતવા માટે આ વખતે ગુજરાત કોંગ્રેસ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે અને કોંગ્રેસના ધારાસભ્યોને વિધાનસભાની ચાર બેઠકોની જવાબદારી સોંપવામાં આવી છે.

ગુજરાતની ખાલી પડેલી પોરબંદર અને બનાસકાંઠા લોકસભા બેઠકોઅને વિધાનસભાની મોરવાહડફ, લીંબડી, ધોરાજી, જેતપુર બેઠકોની પેટા ચૂંટણી આગામી ૨જી જૂનના રોજ યોજાનાર છે. આ પેટા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જ જંગ ખેલાનારો હોઈ આ બેઠકો જાળવી રાખવા માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા ચૂંટણી પ્રચારમાં એડીચોટીનું જોર લગાવી રહ્યું છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચૂંટણી પ્રચાર માટે વિપક્ષના નેતાએ કોંગ્રેસના ધારાસભ્યોને ચારેય વિધાનસભા મત વિસ્તાર અને બે લોકસભા મત વિસ્તારોમાં ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપવામાં આવી છે એટલું જ નહી આ મતવિસ્તારોમાં ચૂંટણી પૂરુ ન થાય ત્યાં સુધી રોકાવા અને કોંગ્રેસના ઉમેદવારોને જીતાડવા માટેના પ્રયાસો કરવા માટે પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

વિધાનસભાની આ ચારેય બેઠકો કોંગ્રેસના કબજાવાળી હોઈ આ પેટા ચૂંટણીઓમાં પણ વીજય મેળવીને જાળવી રાખવા માટે કોંગ્રેસ નેતાગીરીએ આક્રમક ચૂંટણી વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી છે. આ ઉપરાંત પેટા ચૂંટણીઓમાં ચૂંટણી પ્રચાર માટે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓને પણ મેદાનમાં ઉતારવામાં આવનાર છે.

પેટા ચૂંટણીઓમાં આ વખતે ગુજરાત કોંગ્રેસ દ્વારા પીવાના પાણીનો પ્રશ્ન અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે મુખ્ય ચૂંટણી મુદ્દા બનાવવામાં આવશે અને આ મુદ્દાને કોંગ્રેસ પ્રજા સમક્ષ લઈ જઈને રાજ્ય સરકારની નિષ્ફળતાઓ છતી કરવામાં આવશે. તો બીજી બાજુ ભાજપે પણ આ પેટા ચૂંટણીઓનો જંગ જીતવા અને કોંગ્રેસના ગઢમાં ગાબડુ પાડવા માટે ચૂંટણી વ્યુહરચના ઘડીને બુથ લેવલ સુધીનું માઈક્રો આયોજન ઘડી કાઢ્યું છે અને મંત્રીઓ અને ધારાસભ્યોને પણ વિધાનસભા બેઠકોની જવાબદારી સોંપી દેવામાં આવી છે.

પેટા ચૂંટણીઓ આડે હવે માત્ર એક સપ્તાહ જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોદ્વારા ચૂંટણી પ્રચારને વેગીલુ બનાવી દેવામાં આવ્યું છે. જો કે દિવસ દરમ્યાન બપોરના પડી રહેલી કાળઝાળ ગરમી બન્ને પક્ષોને ચૂંટણી પ્રચારમાં અવરોધ ઉભો કરી રહી છે. આથી બન્ને પક્ષો દ્વારા ગ્રુપ બેઠકો પર ધ્યાન કેન્દ્રીત કરીને ગ્રુપ બેઠકો કરીને પ્રચાર કરી રહ્યા છે તેમજ સવારે અને સાંજના તાપ ઓછો થયા બાદ જાહેર સભાઓનું આયોજન કરવું પડે છે.

શબ્દાવલી - ૫૦૭૨



આડી ચાવી

૧. સુરક્ષા, સલામત હોવું તે (૪)
૪. ડીગ્રી, સર્ટી ફિકેટ (વકીલ માટે ખાસ) (૩)
૭. મોકો, તક (૨)
૮. ખેલાડી (૫)
૧૦. યજ્ઞ, દશેરાએ ઘણી જગ્યાએ ... કરે (૩)
૧૨. જ્ઞાતિ, નાત (૨)
૧૪. સાક્ષી (૩)
૧૬. ઘણાને... ને પાટુ મારવાની ટેવ હોય છે (૩)
૧૮. લાગવગ, ઓળખાણ (૨)
૨૦. માહિતગાર (૩)
૨૨. દેશનિકાલ, દેશવટો (૪)
૨૪. લીટો, લસરકો (૪)
૨૬. ભુગર્ભ, ... ને નાગલોક કહેવાય છે (૩)
૨૭. ફલાંગ, ... ભરવી (૨)

ઊભી ચાવી

૧. શિખામણ, શીખ (૩)
૨. ઘણા... ના જોરે લાયકાત વગર મોટા હોદ્દા પર બિરાજે છે (૪)
૩. બાણ, શર (૨)
૪. અવિરત, રોકાયા વગર (૩)
૫. જુની નહિ તેવી (૨)
૬. બારણું, ગેટ (૪)
૯. આનંદ, મોજ (૨)
૧૧. કૂવો, વાવ (૩)
૧૪. યુધિષ્ઠિરની માતા (૩)
૧૫. નવિન, નવો (૪)
૧૬. 'કેપ' શબ્દ ઊંધો (૨)
૧૯. ગેડ, સળ (૨)
૨૦. કહાની, નવલિકા (૩)
૨૧. વા..., વાવાઝોડું (૩)
૨૩. ... કહતે હૈ બડા નામ કરેગા... (૨)
૨૫. બેઠક માટેની ખાસ ખુરશી (૨)

શબ્દાવલી ૫૦૭૧ના જવાબ

આડી ચાવી :- (૧) ગુમરાહ (૩) અસ્મિતા (૫) જરા (૬) સ્વાગત (૭) રામરાજ (૧૦) નત (૧૧) બગાડ (૧૨) સુર (૧૩) સાપ (૧૪) પખવાજ (૧૬) સસ્તી (૧૭) વલય (૧૯) વહાણ (૨૦) સાવણ

ઊભી ચાવી :- (૧) ગુજરાત (૨) મરામત (૩) અગવડ (૪) સ્મિત (૮) જબરજસ્તી (૯) પતિપરાયણ (૧૨) સુવાસણ (૧૪) પડાવ (૧૫) કવચ (૧૮) લવ

મોર્ગ અકસ્માત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચાંદખેડા વિસ્તારની અશ્વમેધ સોસાયટીમાં રહેતા ચંદ્રકાન્તભાઈ નારણભાઈ વાઘેલા તેમની સાળીના લગ્ન હોવાથી માણસા તાલુકાના બિલોદરા ગામે આવ્યા હતા. આજે ગુરૂવારે સાળીને ત્યાં જાન આવવાની હતી. જેથી ગઈકાલે સાંજે ચંદ્રકાન્તભાઈના પિતા ૬૩ વર્ષિય નારણભાઈ જેઠાભાઈ વાઘેલા અને માતા ૫૮ વર્ષિય મંજુલાબેન નારણભાઈ વાઘેલા બાઈક નં. જીજે-૧ એલ.જે.૫૩૫૮ લઈને માણસાના બિલોદરા ખાતે પ્રસંગે હાજરી આપવા જઈ રહ્યા હતા. સાંજે પોણા આઠ વાગ્યાના અરસામાં રાંધેજા ચોકડી પાસે નારણભાઈએ એક ટ્રેલરની ઓવરટેક કરી ત્યારે સામેથી આવતા એક આઈશર ટ્રકે બાઈકને અડફેટે લઈ લેતા આઈશરના ટાયર નીચે નારણભાઈનું ચગદાઈ જવાથી મોત નિપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલા તેમના પત્નિ મંજુલાબેન ફંગોળાઈને બાજુમાંથી પસાર થતા ટ્રેલર નં. જીજે-૮-ડબલ્યુ-૩૮૦ના ટાયરમાં ઉછળીને ફસાઈ ગયા હતા. ટાયરમાં ઢસડાતા-ઢસડાતા ૫૦૦ મીટર સુધી કચડાયેલા વૃદ્ધા મંજુલાબેનનું પણ કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું. રૂવાડા ઉભા કરી નાંખે તેવા આ માર્ગ અકસ્માત અંગે આઈશર ચાલક અને ટ્રેલરચાલક બન્ને વિરૂદ્ધ પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને પીએસઆઈ ઓ.એમ. દેસાઈએ સઘન તપાસ શરૂ કરી આરોપીઓને શોધી કાઢવા તજવીજ શરૂ કરી છે.

બીજા ગમખ્વાર માર્ગ અકસ્માતની મળતી વિગતો મુજબ અમરાઈવાડી અમદાવાદ વિસ્તારમાં રહેતુ જૈન પરિવાર ઈકો ગાડી નં. જીજે-૨૭-સી-૮૪૮૭ લઈને રાજસ્થાનમાં લગ્ન પ્રસંગે હાજરી આપવા જઈ રહ્યું હતું. તે દરમ્યાન ગાંધીનગર નજીક આવેલા નરોડા-ચિલોડા હાઈવે પર લવારપુર ચોકડી પાસે સામેથી બેફામ આવી ટ્રકે ઈકો ગાડીને ટક્કર મારતાં ચાલક ૪૦ વર્ષિય મનોજભાઈ કાશીનાથ માતુકલ અને ૫૩ વર્ષિય મીઠાલાલ મોતીલાલ જૈનનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે ઈકો ગાડીમાં સવાર અન્ય પાંચ જણાને ઘવાયેલી હાલતમાં સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી તપાસ ચલાવી છે.

ત્રીજા અકસ્માતમાં ઉવારસદ ખાતે રહેતા ૪૨ વર્ષિય ભુપેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તેમની મારૂતી વાન નં. જીજે-૧૮-એ.એ. ૭૧૬ લઈને ઉવારસદ રોડ પરથી જઈ રહ્યા હતા. તે દરમ્યાન સામેથી આવતી ટેન્કર નં. જીજે-૬-વાય.વાય.૮૧૭૨ના ચાલકે ટક્કર મારતા ગંભીર રીતે ઘવાયેલા ભુપેન્દ્રભાઈનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું છે. જિલ્લામાં ત્રણ ગમખ્વાર માર્ગ અકસ્માતના બનાવોમાં પાંચના મૃત્યુથી સન્નાટો મચી જવા પામ્યો છે.

પાટનગરના પ્રવેસદ્વાર સમા ચિલોડા સર્કલ પાસે ચિલોડા એસ.ટી. સ્ટેન્ડની સામે બપોરના સમયે ફેરિયા તરીકે કામ કરી પોતાનું જીવનનિર્વાહ કરતો ૧૪ વર્ષીય કિશોર રોડ ક્રોસ કરતો હતો ત્યારે ઉત્તરપ્રદેશથી અમદાવાદ જતી એક લાંબુ ટ્રેલર ટ્રકની અડફેટમાં આવી જતા ૧૦૮, એમ્બ્યુલન્સમાં સારવાર અર્થે લઈ જતાં રસ્તામાં પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. જેમાં સુરેશભાઈ અર્જુનભાઈ વાઘરી નામનો કિશોરનું કમકમાટીભર્યુ મોત નિપજતા તેના પરિવારજનોમાં આઘાત અને શોકભર્યુ વાતાવરણ પ્રસરી જવા પામ્યું હતું.

કંપની સમાચાર

ઉનાળા માટે ડીકેએનવાય ટાઈમ પિસીઝની રજૂઆત

ન્યૂયોર્ક શહેરમાં તેજસ્વી પ્રકાશ, ઉર્જા અને ઝાકમઝાળનો સૂર ડીકેએનવાયનાં લેટેસ્ટ કલેકશન 'કલર બર્સ્ટ' ટાઈમ પિસીઝમાં જોવા મળે છ. ફોસિલ ઈન્કો. દ્વારા રજૂ થયેલા કલર બર્સ્ટનાં વૈવિધ્યપૂર્ણ શ્રેણીઓ જોવા મળે છે. આ ઉનાળા માટે NY8779 અને NY8780 મોડેલોમાં પર્પલ અને ફ્લેમ ઓરેન્જનાં ઈલેકટ્રીક શેડ્સ છે. બંને ટાઈમ પિસીઝમાં સિલ્વર સ્ટેનલેસ સ્ટીલ કેસીઝનો વિરોધાભાસ સુંદર રીતે મેચ થાય છે.

NY8803 અને NY8804 મોડલમાં રાઉન્ડ શેપનું સિલ્વર કેસીંગ અને આઈકોનિક DKNY લોગો છે. તેનું ડાયલ વ્હાઈટનું છે, જે સોફિસ્ટીકેશન દર્શાવનારા ચાહકો સુંદર રીતે અભિવ્યક્ત કરી શકે છે.

NY8774 મોડલ સ્કીલ અને સોફિસ્ટીકેટડ છે. તે કોરલનો બેઝ કલર ધરાવે છે. તેનું ડાયલ સ્ટેનલેસ સ્ટીલનું છે. રૂા. ૪૪૯૫ અને તેથી વધુ કિંમતમાં ઉપલબ્ધ આ ટાઈટ પિસીઝ ભારતમાં અગ્રણી સ્ટોર્સ જેવા કે શોપર્સ સ્ટોપ, લાઈફ સ્ટાઈલ, હોલિયોસ, ઈથોઝ, જસ્ટ ઈન વોગ વગેરેમાં ઉપલબ્ધ છે.

કામો નામંજુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવવાનો હોય, ધાર્મિક સ્થળ-મોટી સંસ્થા કે મોટી શાળા કે જયાં વધુમાં વધુ લોકોની અવરજવર રહેતી હોય ત્યાં આવા જનહિતનાં કામો કરવા, તેવી દરખાસ્ત કરવા સૂચવ્યું હતું. જિલ્લા કક્ષાની ગ્રાંટમાંથી જાહેર ઉપયોગી, વધુ લાભદાયી કામ જેમકે એમ્બ્યુલન્સવાનની સુવિદ્યા, દવાખાનામાં મેડિકલ ઈક્વિપમેન્ટ, સોનોગ્રાફી મશિન વસાવવા, વિજ્ઞાન -વાહની શાળામાં લેબોરેટરી બનાવવી હોય, આ -કારનાં શિક્ષણ, આરોગ્ય, જાહેરહિતનાં કામો માટે રૂપિયા ૧.૫૦ કરોડનાં કામો માટેની સુયોગ્ય દરખાસ્તો કરવા સુચના આપી હતી.

જિલ્લા પંચાયત તરફથી બે સરકારી આયુર્વેદ દવાખાના ટીટોડા અને કુડાસણ ગામે બનાવવાની દરખાસ્ત અંગે પણ વિચારણા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૧૨-૧૩માં ૭૭૭ કામો સામે ૫૪૬ કામો પૂર્ણ થયેલ છે. વર્ષ-૨૦૧૩-૧૪ માટે ગાંદ્યીનગર જિલ્લાના ગાંદ્યીનગર તાલુકા માટે રૂપિયા ૧૫૦ લાખ, માણસા - રૂપિયા ૧૦૦ લાખ, દહેગામ- રૂપિયા-૧૫૦ લાખ, કલોલ માટે રૂપિયા ૧૫૦ લાખ ઉપરાંત ખાસ પછાત વિસ્તારના રૂપિયા ૧૨ લાખ અંતર્ગતના વિવિધ કામોનું આયોજન છે. બેઠકમાં વિવિધ જોગવાઈઓ, ગ્રાંટ, નગરપાલિકા વિસ્તાર અંતર્ગતના કામો વગેરેની વિગતે ચર્ચા કરવામાં આવી હતી.

વિકાસ કામો માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં આમેય ગાંધીનગર તાલુકો વિસ્તાર અને વસ્તીની દ્રષ્ટિએ મોટો છે. જો કે વિધાનસભા મતવિસ્તારનું વિભાજન થયું પરંતુ ગાંધીનગર સીટી તાલુકો બનાવવાની દરખાસ્ત અભેરાઈએ ચડી જવા પામી છે.

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી દ્વારા હવે વિકાસના કામો સૂચવવામાં આવશે જેમાં ગાંધીનગર શહેર ઉપરાંત ૧૭ જેટલા ગામોનો સમાવેશ આય છે. ધારાસભ્યોને વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના વિકાસ કામો સૂચવવા માટે અલગ અલગ માર્ગદર્શિકાઓ અમલમાં છે.

ઓચિંતી મુલાકાતે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાણાં અને આરોગ્ય વિભાગનો હવાલો ધરાવતા પ્રભારી મંત્રીશ્રીએ સ્વચ્છતા માટે અભિયાનનો આગ્રહ બેઠકમાં પણ કર્યો હતો અને જિલ્લા આયોજન અધિકારીને પણ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનમાં ગામેગામ થયેલ કામગીરીને લક્ષમાં લઈ વિકાસ કામોને પ્રાથમિક મંજૂરી આપવી જોઈએ તેવી જોગવાઈ ઉમેરવા સૂચન કર્યુ હતું.

જિલ્લા કલેક્ટર કચેરીની કલેક્ટરશ્રી સ્વરૂપે ચાર્જ લીધો તે પછી પણ સ્વચ્છતા માટે દરેક ગામની જવાબદારી અધિકારીઓને સોંપતા હુકમો કર્યા હતા જે ઉલ્લેખનીય છે.

જિલ્લા કલેક્ટર કચેરીમાં સફાઈનો મુદ્દો આજે ચર્ચાસ્પદ બન્યો છે. તો જિલ્લાતંત્રએ સૂચવેલા કામો પણ નામંજૂર થતાં તંત્રમાં આજે સન્નાટો વ્યાપેલો જોવા મળતો હતો.